**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

# ગુજરાતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો તથા તેની કાર્યપદ્ધતિઓ

**પ્રશાંત આર. કોઠારી**

(BA, MA, BEd, GSET)

રીસર્ચ સ્કોલર, અર્થશાસ્ત્ર વિષય, સામાજિક વિજ્ઞાન વિધાશાખા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## 1. પ્રસ્તાવના

પ્રાચીન કાળથી માનવીની મુખ્ય ત્રણ જરૂરિયાતો કેન્દ્ર સ્થાને રહી છે અને તે છે અન્ન, વસ્ત્ર તથા આવાસ. જઠરાગ્નિ શાંત કરવા આદિ માનવે શિકાર, ફળફૂલ, કંદમૂળ અને કાચા અન્નનો આશ્રય લીધો. જંગલો અને ગુફાઓ સદીઓ સુધી તેનું આશ્રય સ્થાન રહી. તેનો મોટો ભાગ ખોરાકની શોધમાં જ વ્યતિત થતો રહ્યો. ત્યાર પછી ક્રમિક રીતે ભટકતું જીવન ગુજારતા માનવના સ્થિર થવાના પ્રયત્ન શરૂ થાય છે. આદિ માનવથી આજના કહેવાતા સુસંસ્કૃત આધુનિક માનવ હવે અંતરીક્ષ માનવે પોતાની જરૂરિયાતો ખેતીમાં શોધવાનો પ્રયત્ન કર્યો. તે પૂર્ણ કરવામાં સદીઓથી કૃષિનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

18મી સદીની શરૂઆત સુધીમાં કૃષિ તકનીકોનું અમલીકરણ કરવામાં આવ્યું. દાણાના  જથ્થા અને વાવેતરના છોડની પસંદગી કરવામાં આવી. જમીનના પ્રત્યેક એકમ પ્રમાણે ઉપજમાં ખાસ્સો વધારો થયો. 19મી સદીના અંત ભાગમાં અને 20મી સદીમાં યાંત્રિકરણમાં અને વિશેષ રૂપે ટ્રેકટરના આગમન સાથે ખેતીનું કામ ખૂબ ઝડપથી કરવાનું શકય બન્યું, જે અગાઉના વર્ષોમાં અશકય હતું. કૃષિની તાંત્રિકતાએ મોટું પરિવર્તન આણ્યું. આ શોધોને લીધે યુનાઇટેડ સ્ટેટ, ઈઝરાયલ, જર્મની, આર્જેન્ટિના અને કેટલાક અન્ય વિકસિત રાષ્ટ્રોના ચોક્કસ આધુનિક ખેતરોની કાર્યક્ષમતામાં વધારો થયો, જમીનની એકમદીઠ ઉત્પાદન શકિત વધી, ઉચ્ચ ગુણવત્તા યુકત પેદાશો અને ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો. અલબત્ત ઉત્પાદન વાસ્તવિક મર્યાદા સુધી પહોંચ્યું.

## 2. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ટૂંકમાં પરિચય

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર એ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદથી ચાલતા જિલ્લાના ફાર્મ સાયરા સેન્ટર છે. જેના થકી કૃષિ અને પશુપાલન સંલગ્ન સંશોધનોને ખેડૂતો અને પશુપાલકો સુધી પહોંચાડવાનું એક માધ્યમ છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદે આખા દેશમાં દરેક જિલ્લામાં એક એક કૃષિ વિજ્ઞાન કેંદ્ર સ્થાપવાનો નિર્ણય કરેલ હતો. પરતે વિસ્તારની દ્રષ્ટિએ મોટા જીલ્લાઓમાં બે કૃષિવિજ્ઞાન કેન્દ્રોની જરૂરીયાત રહે તેવું ધ્યાને લઈ કેટલાક જિલ્લાઓમાં નેં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો મંજુર કરેલ છે. ગુજરાત રાજયમાં બનાસકાંઠામાં થરાદ અને રાજકોટમાં પીપળીયા ખાતે એક

વધારાનું કૃષિવિજ્ઞાન કેન્દ્ર મંજુર કરેલ છે, કૃષિવિજ્ઞાન કેન્દ્ર ખાતે જુદા જુદા વિષયમાં નિષ્ણાંતો જેવા કે કૃષિ, પશુપાલન, પાક સંરક્ષણ, બાગાયત, કૃષિ ઈજનેરી, વિસ્તરણ શિક્ષણ, મત્સ્ય પાલન એ ગૃહ વિજ્ઞાન જેવા નિષ્ણાતોની ટીમ એજ જગ્યાએ ઉપલબ્ધ હોય છે. જેથી એક જ જગ્યાએ ખેડૂતો, અને પશુપાલકોને તૈયાર કરેલા યુનિટો જેવા કે સુગંધીત અને ઔષધીય પાક યુનિટ, ઘાસચારા યુનીટ, હવામાન યુનીટ, ટપક પધ્ધતિ, ફુવારા પદ્ધતિ. ગ્રીન હાઉસ, નેટ હાઉસ, ગૌપાલન, બકરા પાલન, મરઘા પાલન યુનીટ, ક્રોપ કાટરીયા, મ્યુઝીયમ વગેરે જેવા મળે છે, જે ખેડૂતો અને પશુ પાલકો ન અપનાવવામાં મદદ કરે છે. જેમાં ખેડૂતો એન પશુપાલકોને વિના મુલ્યે રહેવા માટે હોસ્ટેલ તથા જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. આમ સમગ્ર રીતે જોઈએ તો કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો માટે કુષિ મંદિર છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ટૂંકમાં KVK તરીકે જાણીતો  અભિગમ કે જે ઇન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR) દ્વારા ટેકનોલોજી ટ્રાન્સફર એટલે કે પ્રયોગશાળામાં થયેલ કૃષિ, બાગાયત, પશુપાલન, ફૂલની ખેતી, મધ માંખી ઉછેર, મશરૂમની ખેતી, મરઘાં ઉછેર વગેરે અને ખેતી સાથે સંકળાયેલ સંશોધનોનુ ખેડૂતોના ખેતર સુધી પહોંચાડી અપનાવવા માટે એક નક્કર વ્યવસ્થા કરેલ છે. વર્ષ 1974 દરમિયાન મોહન સિંઘ મહેતા સમિતિની ભલામણો મુજબ, ભારતમાં દરેક રાજ્યોમાં KVKની સ્થાપના કરવામાં આવી હતી. KCKની અનેક સફળ વાતાંઓ અને પરિણામલક્ષી રચનાત્મક કર્યોને ધ્યાને લેતા દેશના વડાપ્રધાન અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદે જરૂરીયાત આધારીત એક જિલ્લામાં એક KVKની સ્થાપનાની મંજુરી આપતા હાલના તબક્કે ગુજરાતના વિવિધ જિલ્લામાં 30 જેટલા KVK વિવિધ સંસ્થાઓ સાથે સંલગ્નમાં કાર્યરત જોવા મળે છે. આ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો  ખેડુતોને માર્ગદર્શન આપી કૃષિ મંદિર તરીકે લોકો જાણીતા થયેલા જોવા મળે છે . ગુજરાતમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ખેડા, ગાંધીનગર, ગિર-સોમનાથ, જામનગર, ડાંગ, તાપી, દાહોદ, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, મેહસાણા, મોરબી, રાજકોટ , વડોદરા, વલસાડ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર , જૂનાગઢ, ખેડા ,ભૂજ એમ લગભગ દરેક જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આવેલા છે, જ્યારે કચ્છ એક એવો જિલ્લો છે કે જેમાં 2 KVK કાર્યરત જોવા મળે છે. એમાંથી પ્રસ્તુત અભ્યાસક્ષેત્રમાં આવતા નર્મદા જિલ્લાનું KVK ડેડીયાપાડામાં આવેલું છે. આ બંને KVK

દ્વારા અહીના ખેડૂતોને પુરતો લાભ મળે છે કે કેમ ? તેમજ તેના લાભ દ્વારા ખેડૂતોના ટેકનિકલ જ્ઞાનમાં વૃદ્ધિ થઇ છે કે કેમ ? ઉપરાંત KVK અહીના ખેડૂતોનો આર્થિક વિકાસ થયો છે કે કેમ ?, વગેરે તપાસવા વિચાર્યું.

### 3. સાહિત્ય સમીક્ષા

વર્તમાનમાં અકલ્પિત પ્રમાણમાં પ્રકાશિત સાહિત્યના જગતમાંથી અભ્યાસના વિષયને સંબંધિત સાહિત્યનું અવલોકન કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

- **Pawar (1965):** પવારે પોતાના સંશોધનમાં શોધી કાઢ્યું કે ઘઉંની ટેકનોલોજીના કિસ્સામાં દર 10 માંથી 9 ખેડૂત પરિવારો એક યા બીજી ટેકનોલોજીથી પ્રભાવિત થયા હતા. છોડ સંરક્ષણ પગલાંના સંદર્ભમાં લેવામાં આવેલી ટેકનોલોજી સૌથી નીચલી કક્ષાની હતી. જ્યારે 11 ખેડૂતો દ્વારા KVK ને અપનાવવાની આ પધ્ધતિ સંતોષકારક હતી. સંશોધક દ્વારા એ પણ ધ્યાન દોરવામાં આવ્યું છે કે ઘણા ખેડૂતોએ નાઈટ્રોજન યુક્ત ખાતરો અપનાવ્યા હોવા છતાં માત્ર ચાલીસ ટકા વિસ્તાર જ ખાતરના ઉપયોગ હેઠળ આવરી લેવામાં આવ્યો હતો.
- **Pal (1967):** પાલએ કાશ્મીરમાં નવીન ફાર્મ ટેક્નોલોજી અપનાવવા અંગેનો અભ્યાસ કરેલ છે, તેમના તારણો પરથી જાણવા મળે છે કે ચોખાની આધુનિક જાતોની રજૂઆત પહેલાં માત્ર 8% ખેડૂતો જંતુનાશકોનો ઉપયોગ કરતા હતા અને લગભગ 80% ખેડૂતોએ જંતુનાશકોના વ્યાપક પ્રસાર પછી તેનો ઉપયોગ કરવાનું શરુ કર્યું હતું.
- **Nair (1969):** નાયરના અભ્યાસ પરથી જાણવા મળે છે, કે 90% ખેડૂતોએ જંતુનાશકોના ડોઝના અડધા કરતા પણ ઓછા ડોઝનો ઉપયોગ કર્યો હતો, જ્યારે 43% ખેડૂતોએ ડોઝના અડધાથી પણ વધુનો ઉપયોગ કર્યો હતો. ફોસ્ફેટ ખાતરોના કિસ્સામાં 71% ખેડૂતોએ તેનો ઉપયોગ કર્યો હોવાનું જણાયું હતું, જો કે, તેમાંના મોટાભાગના ખેડૂતોએ ડોઝના માત્રાના 50% કરતા ઓછો ઉપયોગ કર્યો હતો. બીજું, પોટાસિક ખાતરોનો ઉપયોગ 60% ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો હતો, જયારે કોઇપણ ખેડૂતે 100% માત્રાનો ઉપયોગ કર્યો ન હતો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

ઉપરોક્ત ઉદાહરણ પરથી એક કહી શકાય કે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ખેડૂતોને આપવામાં આવતી સેવા, સુવિધા અને તાલીમ કાર્યક્રમોના મારફતે ખેડૂતોમાં નવીન ટેકનોલોજી તો આવી છે પરંતુ તેનો લાભ દરેક ખેડૂત સુધી પહોંચતો નથી.

## 4. સંશોધનના હેતુઓ

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આપવામાં આવતી ટેકનીકલ પદ્ધતિઓ અને ખેત પદ્ધતિઓનો અભ્યાસ કરવો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અપાતી ટેકનીકલ પદ્ધતિઓ અને ખેત પદ્ધતિઓનો ખેડૂતોનાં આર્થિક ક્ષેત્રે પડેલી અસરો તપાસવી.

## 5. સંશોધનનો વ્યાપ અને મર્યાદાઓ

પ્રસ્તુત સંશોધન ગુજરાત રાજ્યને કેન્દ્ર સ્થાને રાખીને કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કાર્યપદ્ધતિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં ખાસ કરી દ્વિતીય કક્ષાના માહિતી સ્ત્રોતો દ્વારા દ્વારા પ્રાપ્ત માહિતીની સમષ્ટિમાંથી અનેક ઉપ-સમષ્ટિઓ રચાઈ છે.

## 6. ગુજરાતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો

ગુજરાત રાજ્યમાં 29 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે, જેની જિલ્લાવાર કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની યાદી આ પ્રમાણે છે.

| જિલ્લો | સરનામું | નિયંત્રણ સંસ્થા |
|---|---|---|
| અમદાવાદ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, તા. ધોળકા, જી, અમદાવાદ | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| અમરેલી | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, એગ્રીરીસર્ચ ફાર્મ,કેરીયા રોડ, અમરેલી-365601 | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |

| | | |
|---|---|---|
| આણંદ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ-સોજીત્રા, આણંદ-387240 | આણંદ કૃષિ યુનિવર્સિટી ,આણંદ |
| કચ્છ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આર.આર. એસ, કુકમાં, ભૂજ જી, કચ્છ | સેન્ટ્રલ એરીડ ઝોન રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, જોધપુર-રાજસ્થાન |
| કચ્છ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સડાઉ, તા. મુન્દ્રા, જી. કચ્છ | રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી, જુહુ મુંબઈ |
| ખેડા | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, દેથલી, જી. ખેડા-378210 | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ગાંધીનગર | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, સંધેજા, ગાંધીનગર | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| જામનગર | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, એરફોર્સ રોડ, જામનગર-361006 | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |
| જુનાગઢ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર, જી. જુનાગઢ | અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, નવી દીલ્હી |
| ડાંગ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, વઘઈ, જી, ડાંગ-390470 | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| તાપી | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, રીઝનલ રાઈઝ, રિસર્ચ સ્ટેશન, વ્યારા, જી. તાપી | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| દાહોદ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર-દેવગઢ, બારીયા, જી. દાહોદ–389380 | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| નર્મદા | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, સીડ મલ્ટીપ્લીકેશન ફાર્મ ડેડીયાપાડા, જી. નર્મદા | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ભરૂચ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, પોસ્ટ: ચાસવાડ તા. વાલીયા, ભરૂચ | ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન, બરોડા |

| | | |
|---|---|---|
| નવસારી | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ, કેમ્પસ, નવસારી-396450 | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| પંચમહાલ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર, ગોધરા, જી. પંચમહાલ | બરોડા સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ફોર હોર્ટીકલ્ચર, બીકાનેર, રાજસ્થાન |
| પાટણ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સમોડા, ગણવાડા, તા. સિધ્ધપુર જી. પાટણ | સરસ્વતિ ગ્રામ વિધાપીઠ, સમોડા |
| પોરબંદર | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ખાપટ, જી. પોરબંદર-360579 | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |
| બનાસકાંઠા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,નવા બસ સ્ટેશનની સામે તા. ડીસા જી. બનાસકાંઠા | સરદાર કૃષિનગર દાંતી વાડા કૃષિ યુનિવર્સિટી |
| બનાસકાંઠા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તા. થરાદ, જી. બનાસકાંઠા | સરદાર કૃષિનગર દાંતી વાડા કૃષિ યુનિવર્સિટી |
| ભાવનગર | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, સણોસરા, જી. ભાવનગર | લોકભારતી ગ્રામવિધાપીઠ |
| મહેસાણા | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ખેરવા, જી. મહેસાણા-382711 | મહેસાણા ડીસ્ટ્રીકટ એજ્યુકેશન ફાઉન્ડેશન, ખેરવા |
| રાજકોટ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, સુકી ખેતી સંશોધન કેન્દ્ર, તરઘડીયા જી. રાજકોટ-360003 | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |
| રાજકોટ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ટી.ડી.એસ ફાર્મ,પીપળીયા,તા.ધોરાજી,રાજકોટ | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |
| વડોદરા | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ગોલ ગામડી, પોસ્ટ: બહાદુરપુર, જી. વડોદરા | મંગલ ભારતી બહાદૂરપુર, બરોડા |

| | | |
|---|---|---|
| વલસાડ | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, તા. કપરાડા, જી. વલસાડ-396191 | ગુજરાત વિદ્યપીઠ, અમદાવાદ |
| સાબરકાંઠા | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખેડબ્રહ્મા જી. સાબરકાંઠા | સરદાર કૃષિનગર દાંતી વાડા કૃષિ યુનિવર્સિટી |
| સુરત | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, કોટન, રિસર્ચ સ્ટેશન, અઠવાલાઈન, સુરત. | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| સુરેન્દ્રનગર | કૃષિવિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસરર તા. ચોટીલા, સુરેન્દ્રનગર | જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ |

જિલ્લાવાર કૃષિવિજ્ઞાન કેન્દ્રની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| **જિલ્લો** | **KVKની સંખ્યા** |
|---|---|
| કચ્છ | 2 |
| નર્મદા | 1 |
| બનાસકાંઠા | 2 |
| રાજકોટ | 2 |
| અમદાવાદ | 1 |
| અમરેલી | 1 |
| આણંદ | 1 |
| ખેડા | 1 |
| ગાંધીનગર | 1 |
| જામનગર | 1 |

| | |
|---|---|
| જુનાગઢ | 1 |
| ડાંગ | 1 |
| તાપી | 1 |
| દાહોદ | 1 |
| નવસારી | 1 |
| પંચમહાલ | 1 |
| પાટણ | 1 |
| પોરબંદર | 1 |
| ભરૂચ | 1 |
| ભાવનગર | 1 |
| મહેસાણા | 1 |
| વડોદરા | 1 |
| વલસાડ | 1 |
| સાબરકાંઠા | 1 |
| સુરત | 1 |
| સુરેન્દ્રનગર | 1 |
| **કુલ** | **29** |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે ગુજરાતમાં કચ્છ, બનાસકાંઠા અને રાજકોટમાં 2-2 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો આવેલા છે, જ્યારે એ સિવાયના અન્ય જિલ્લામાં 1-1 કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આવેલા છે.

નિયંત્રણ સંસ્થા અનુસાર કૃષિવિજ્ઞાન કેન્દ્રની સંખ્યા દર્શાવતું કોષ્ટક

| **નિયંત્રણ સંસ્થા** | **KVKની સંખ્યા** |
|---|---|
| જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ | 5 |
| નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | 5 |
| સરદાર કૃષિનગર દાંતી વાડા કૃષિ યુનિવર્સિટી | 3 |
| અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, નવી દીલ્હી | 1 |
| આણંદ કૃષિ યુનિવર્સિટી ,આણંદ | 1 |
| આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | 1 |
| આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | 1 |
| ગુજરાત વિધપીઠ, અમદાવાદ | 1 |
| ગુજરાત વિધાપીઠ, અમદાવાદ | 1 |
| ગુજરાત વિધાપીઠ, અમદાવાદ | 1 |
| જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ | 1 |
| બરોડા સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ફોર હોર્ટીકલ્ચર, બીકાનેર, રાજસ્થાન | 1 |
| ભારતીય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન, બરોડા | 1 |
| મહેસાણા ડીસ્ટ્રીકટ એજયુકેશન ફાઉન્ડેશન, ખેરવા | 1 |
| મંગલ ભારતી બહાદૂરપુર, બરોડા | 1 |
| રૂરલ એગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી, જુહુ મુંબઈ | 1 |

| | |
|---|---|
| લોકભારતી ગ્રામવિદ્યાપીઠ | 1 |
| સરસ્વતિ ગ્રામ વિદ્યાપીઠ, સમોડા | 1 |
| સેન્ટ્રલ એરીડ ઝોન રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, જોધપુર-રાજસ્થાન | 1 |
| **કુલ** | **29** |

ઉપરોક્ત કોષ્ટક પરથી ફલિત થાય છે કે ગુજરાત રાજ્યમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નિયંત્રણ હેઠળ 5-5 કૃષિવિજ્ઞાન કેન્દ્રો જોવા મળે છે, જ્યારે સરદાર કૃષિનગર દાંતી વાડા કૃષિ યુનિવર્સિટીના નિયંત્રણમાં 3 અને એ સિવાય અન્ય સંસ્થાઓના નિયંત્રણ હેઠળ 1-1 કૃષિવિજ્ઞાન કેન્દ્ર આવેલ છે.

**7. કૃષિવિજ્ઞાન કેન્દ્રના મુખ્ય ઉદેશો અને કાર્યપદ્ધતિઓ.**

1. ઓન ફાર્મ ટેસ્ટીંગ દ્વારા સ્થાનિક પરિસ્થિતિ અનુરૂપ ટકાઉ ખેતી પદ્ધતિ વિકસાવવા સારું કૃષિ તજજ્ઞતાની ચકાસણી કૃષિવિજ્ઞાન કેન્દ્રના ફાર્મ ઉપર તેમજ ખેડૂતના ખેતર ઉપર કરવામાં આવે છે. જેની વૈજ્ઞાનિક એ ભલામણ કરેલ પદ્ધતિ અને ખેડૂત પદ્ધતિ અંગ ચકાસણી કરી કઈ પત્તિ વધુ અનુકૂળ છે તે જાણી તેના ઉપર વૈજ્ઞાનિકોને સંશોધન કરવા અનુરોધ કરવામાં આવે છે.
2. ખેતી અને પશુપાલનની સંશોધનની અધતન માહિતીને જે તે કાર્યક્ષેત્રના વિસ્તરણ કાર્યકરોને ખેતીવાડી, પશુપાલન, બાગાયત ખાતાના ગ્રામસેવક અવિસ્તરણ અધિકારીને જાણકાર કરવા તાલીમનું આયોજન કરવામાં આવે છે.
3. ખેડૂતો, ખેડૂત મહિલાઓ, તેમજ ગ્રામીણ યુવાનો માટે કાર્ય દ્વારા શિક્ષણ ઉપર ભાર મૂકીને ટુકા તેમજ લાંબાગાળાના વ્યવસાયિક તાલીમ કેન્દ્રો ઉપર તેમજ ખેડુતોના ખેતર અને પશુપાલકોના તબેલા ઉપર

યોજવામાં આવે છે. જેમાં ખેતી અને પશુપાલનની ઉત્પાદકતા વધારી શકાય તેમજ કાર્યકુશળતા કેળવી સ્વરોજગારી ઉભી કરી શકાય છે.

4. ખેડૂતોના ખેતરો ઉપર નવીનાત અથવા તજજ્ઞતા સ્થાનીક પરિસ્થિતિમાં એકમ વિસ્તારમાં કેટલું વધારે ઉત્પાદન આપી શકે છે, તે જાણવા માટે પ્રથમ હરોળના નિદર્શનો ગોઠવવામાં આવે છે.

## 8. અન્ય પ્રવૃતિઓ

1. આ ઉપરાંત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂત દીન, ફિલ્ડ ડે, કૃષિ મેળો, પશુ આરોગ્ય મેળો, ખેડૂત અને વૈજ્ઞાનિક વાર્તાલાપ, કૃષિ પ્રદર્શન, ખેડૂત શીબીર, કીશાન ગોષ્ઠી, રાત્રી સભાઓ, ફિલ્મ શો જેવા કાર્યક્રમો ખેડૂતો અને પશુપાલકોના વિકાસ માટેયોજતા હોય છે.
2. જમીન અને પાણીની ચકાસણી ઓછા ચાર્જ કરી આપવામાં આવે છે. કાં તત્વોની ઉણપ છે કેવા પ્રકારનું ખાતર આપવું, કયારે આપવું, કેવા પાક લેવા અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે.
3. પાર્કોના રોગ અને જીવાત નમુનાઓનું પણ નિદાન કરી જરૂરી દવા અને તેના ઉપાયો અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે.
4. ખેતી અને પશુપાલનની માહિતીને લગતા પેમ્પ્લેટ, બુકલેટ, ફોલ્ડર વિનામૂલ્યે આપવામાં આવે છે. સાથે ટેલીફોન હેલ્પલાઇન દ્વારા ખેડૂતો અને પશુપાલકોના પ્રશ્નોના જવાબ આપવામાં આવે છે.

ભારતમાં પ્રથમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પોંડીચેરીમાં વર્ષ 1974માં સ્થાપવામાં આવ્યું તેવી જ રીતે ગુજરાત રાજયમાં પ્રથમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ડીસા ખાતે વર્ષ 1906માં સ્થાપવામાં આવ્યું. છેલ્લી માહિતી મુજબ દેશમાં કુલ 630 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ગુજરાત રાજયમાં 28 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત છે. ગુજરાત રાજયમાં કૃષિ વિજ્ઞાનકેન્દ્રો પાછળનાપાને દર્શાવ્યા મુજબ છે.

**9. સંશોધનના તારણો**

- ગુજરાત રાજ્યમાં કુલ 29 કૃષિવિજ્ઞાન કેન્દ્રો આવેલ છે, જેમાંથી કચ્છ, નર્મદા, બનાસકાંઠા અને રાજકોટમાં 2-2 કૃષિવિજ્ઞાન કેન્દ્રો આવેલ છે.
- ગુજરાત રાજ્યમાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નિયંત્રણ હેઠળ વધુ કૃષિવિજ્ઞાન કેન્દ્રો આવેલ છે.

## સંદર્ભ સૂચિ


- તાજપરા, ડૉ. એમ. એમ. (2015). કૃષિવિજ્ઞાન કેન્દ્ર: ગુજરાતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો તથા તેના મુખ્ય ઉદ્દેશો અને કાર્ય પદ્ધતિઓ. Retrieval on 11-07-2023 from http://surl.li/lbwbw
- Patel, R., & Konkani, K. M. (2022). વ્યવસાયિક તાલીમો થકી મહિલાઓનું સશક્તિકરણ એક અભ્યાસ (વલસાડ જીલ્લાના સંદર્ભમાં). Towards Excellence, 14(4).
- Chauhan, Dr Nikulsinh M. (2013). Management of Krishi Vigyan Kendras. New Delhi: Biotech Books
- Chhodvadia, H. C., Joshi, N. S., Bariya, M. K., & Parakhia, A. M. (2016). Impact of Krishi Vigyan Kendra in Amreli District of Gujarat State. International Journal of Agriculture Sciences.
- Samanta, R. K. and Maravalalu Jauaregowda Chandre Gowda (2002). Krishi Vigyan Kendra: The Capacity Builder of Farmers. Mumbai: Maravalalu Jauaregowda Chandre Gowda
- Tale, N. N., & Bhatt, M. R. (2022). Relationship between profile characteristics of Krishi Vigyan Kendras scientists and their role perception.
- Tunvar, M. A., Patel, A. J., & Prajapati, V. V. (2017). Impact of Front–line demonstration on groundnut conducted by Krishi Vigyan Kendra, Deesa. In Gujrat Journal of Extension Education (Special Issue on National Seminar): 56-58